# Children's University

(Established by the Government of Gujarat)

Shubhashchandra Bose Sikshan Sankul, Sector: 20, Gandhinagar.

Email Id: phd.cell@cugujarat.ac.in  Website Address: www.cugujarat.ac.in


## પીએચ.ડી.  પ્રવેશ :- 2021-22 માહિતી અને સૂચનાઓ

| Ph.D. | |
|---|---|
| Online ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | 05.09.2021 |
| અરજીપત્રકની હાર્ડકોપી મોક્લવાની છેલ્લી તારીખ | 11.09.2021 |
| પ્રવેશ પરીક્ષાની તારીખ | 12 થી 20 સપ્ટેમ્બર, 2021 |
| પ્રવેશપાત્રતા(મનોવિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત, ગૃહવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન (ફિઝિક્સ), ગણિત | અનુસ્નાતક (P.G.) 55% |
| પ્રવેશપાત્રતા(શિક્ષણશાસ્ત્ર) | અનુસ્નાતક (P.G.) 55% & M.Ed. 55% OR M.A. (Education 55%) |

**સૂચનાઓ –**

1. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓબીસી ઉમેદવારો માટે અનુસ્નાતક કક્ષાના ગુણોમાં ૫ ટકાની નિયમાનુસાર છૂટછાટ આપવામાં આવશે.
2. શિક્ષણશાસ્ત્ર શાખામાં અરજી કરનાર વિદ્યાર્થીએ બંને અનુસ્નાતક P.G.& M.Ed. માં 55% ફરજિયાત છે અથવા M.A. Edu.માં 55% સાથે માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે જોડવાં ફરજિયાત છે.(ઓનલાઇન અને હાર્ડકોપી)
3. પ્રવેશ મેળવ્યા પછી કોઇ પણ તબક્કે શૈક્ષણિક લાયકાત કે અન્ય માહિતી અધૂરી કે ખોટી રજૂ કરેલી જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે.
4. ગુજરાત સરકારના પ્રવર્તમાન અનામતનાં ધોરણો અનુસાર પ્રવેશ આપવામાં આવશે.
5. પ્રવેશ પરીક્ષામાં અંધ ઉમેદવાર સિવાય કોઇપણ ઉમેદવારને નિયત સમય કરતાં વધારાનો સમય મળશે નહિ. અંધ ઉમેદવારે રાઇટરની ઉપલબ્ધતા માટે યુનિવર્સિટીને પ્રવેશ અરજીપત્રક સાથે જ એક અલગથી અરજી કરવાની રહેશે.
6. ***પ્રવેશ પરીક્ષાના પરિણામનું અલગથી ગુણપત્રક કે પ્રમાણપત્ર આપવામાં આવશે નહિ. જવાબપત્રકની પુન: ચકાસણી થઇ શકશે નહિ***.
7. પરીક્ષા માટેનું સ્થળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ પાસે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ, સેકટર–20, ગાંધીનગર- ૩૮૨૦૨૧ રહેશે. ઉમેદવારે પ્રવેશપ્રક્રિયા દરમિયાન સ્વખર્ચે આવવાનું રહેશે.
8. ઉમેદવારે અરજી online કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ કોપી, પ્રમાણિત નકલો સાથે Ph.D. સેલ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે રૂબરૂ/પોસ્ટ/ કુરિયર દ્વારા તારીખ ૧૧.૦૯.૨૦૨૧ સાંજે ૫.૩૦ ક્લાક સુધીમાં પહોચાડવાનું રહેશે (બીજો અને ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસો સિવાય) ત્યારબાદ મળેલ અરજી કોઈ પણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**અરજી મોકલવાનું સરનામું:**

કો-ઓર્ડિનેટર શ્રી,

પીએચ.ડી. સેલ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે,
સુભાષચંદ્રબોઝ શિક્ષણ સંકુલ,
સેકટર-૨૦,
ગાંધીનગર ૩૮૨૦૨૧

9. જે ઉમેદવારે JRF/NET/SET તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માંથી M.Phil. પરીક્ષા પાસ કરેલી છે તેઓએ પ્રવેશ ફોર્મ ભરવું ફરજિયાત છે, પરંતુ તેઓને પ્રવેશ પરીક્ષા આપવાની રહેતી નથી. તેઓએ JRF/NET/SET પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે મોકલવાનું રહેશે.
10. ફોર્મ ભરવાની વિગત માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઇટ http://www.cugujarat.ac.in/Admission પરની સૂચનાઓનું પાલન કરવું.
11. શૈક્ષણિક વર્ષ ***2021-22*** માટેની પ્રવેશપ્રક્રિયા ફી 1000 રૂપિયા (OPEN) અને 750 રૂપિયા અનુસૂચિત જાતિ(SC), અનુસૂચિત જનજાતિ (ST), ઓબીસી (OBC) અને ઇડબ્લ્યુએસ (EWS) ઉમેદવારો માટે છે જે કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.
12. UGC JRF/NET/SET ઉત્તીર્ણ ઉમેદવારો તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાંથી એમ.ફિલ. કરેલ ઉમેદવારોને પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવશે.
13. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક (P.G.) અથવા એમ.ફિલ. કરેલ ઉમેદવારો માટે કુલ જગ્યાઓ પૈકી ૯૦ ટકા જગ્યાઓ અનામત છે.
14. પ્રવેશ પરીક્ષાના કુલ ગુણ ૧૦૦ રહેશે, જેમાં ઉત્તીર્ણ થવાનું ધોરણ ૫૦ ટકાનું રહેશે.
15. પ્રશ્નપત્રનું સ્વરૂપ નીચે પ્રમાણે રહેશે .
    - હેતુલક્ષી (MCQ ) પ્રકારના ૫૦ પ્રશ્નો ૫૦ ગુણ
    - ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નો ૨૫ ગુણ
    - નિબંધ સ્વરૂપના પ્રશ્નો ૨૫ ગુણ
16. પસંદગી પામેલ ઉમેદવાર જો અંતિમ તારીખ સુધીમાં ફી જમા નહીં કરાવે તો પ્રતીક્ષા યાદીમાં રહેલા ઉમેદવારને અગ્રતાક્રમ અનુસાર પ્રવેશ આપવામાં આવશે. ફી ભરવાની તારીખ પ્રવેશયાદી વેબસાઈટ પર પ્રસિધ્ધ થાય તેની સાથે જણાવવામાં આવશે.
17. અનુસ્નાતક ગુણ, GDPIના આધારે નીચે દર્શાવેલા ભારાંક મુજબ અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે.

| | |
|---|---|
| અનુસ્તાનક (P.G.)ના ગુણ | ૭૦ % |
| GDPI ના ગુણ | ૩૦% |

18. માત્ર પ્રવેશ મળ્યાની માહિતી જાહેર કરવામાં આવશે. ગુણાંકન જાહેર કરવામાં આવશે નહિ. પરિણામને પડકારી શકાશે નહિ.
19. પ્રવેશ પરીક્ષામાં તેમજ રૂબરૂ મુલાકાત બંનેમાં ૫૦% ગુણ પ્રાપ્ત કરનાર ઉમેદવારને જ અંતિમ પ્રવેશયાદીમાં સ્થાન મળશે.
20. ઉમેદવારે અરજીપત્ર સાથે ફોર્મમાં જણાવેલ બધી જ શૈક્ષણિક લાયકાતોના પ્રમાણપત્રો જોડવાનાં રહેશે. ઉપરાંત નીચેનામાંથી લાગુ પડતા પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો જોડવાની રહેશે. (શિક્ષણશાસ્ત્ર શાખામાં અરજી કરનાર વિદ્યાર્થીએ PG ની બંને માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે જોડવા ફરજીયાત છે.(ઓનલાઇન અને હાર્ડકોપી)

    ૧. એસ.સી./એસ.ટી.ના ઉમેદવારોએ જાતિનું પ્રમાણપત્ર અવશ્ય જોડવું.

૨. ઓ.બી.સી.ના ઉમેદવારોએ તેમનું ગુજરાત સરકારનું (પરિશિષ્ટ-૪) માન્ય નોનક્રિમિલેયર પ્રમાણપત્ર જોડવું.

૩. EWS કેટેગરીના ઉમેદવારોએ તેમનું તાજેતરનું માન્ય પ્રમાણપત્ર જોડવું.

૪. દિવ્યાંગ ઉમેદવારોએ તે અંગેનું પ્રમાણપત્ર જોડવું.

૫. પોસ્ટ ગ્રેજ્યુએટના ગુણપત્રકની નકલ જોડવી.

૬. UGC JRF/NET/SET પ્રમાણપત્રકોની નકલો જોડવી.

૭. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાંથી M.Phil હોય તો તેના ગુણપત્રકની નકલ જોડવી.

૮. અન્ય જરૂરી દસ્તાવેજો.

21. જેની અરજીની હાર્ડકોપી તમામ દસ્તાવેજો સાથે નિયત સમયમાં નહિ આવે તો તેની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

22. Ph.D. પ્રવેશ ૨૦૨૧-૨૨ માટે પ્રવેશ સંદર્ભે કોઇ પણ નિર્ણય કરવાનો અબાધિત અધિકાર માનનીય કુલપતિશ્રીનો રહેશે.

પ્રો. સંજય ગુપ્તા<br>
કો-ઓર્ડિનેટર શ્રી,<br>
પીએચ.ડી. સેલ<br>
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી<br>
ગાંધીનગર